# એકમ – 3 નિબંધ લેખન અને ગદ્ય રુપાંતર

મિતલ બાલધિયા
એસ.યુ.જી.કૉલેજ ઓફ એજ્યુકેશન



# એકમ – 3 નિબંધ લેખન અને ગદ્ય રુપાંતર



- 3.1 વિષયને અનુરૂપ મુદ્દા નક્કી કરવા,મુદ્દાનો ક્રમ નક્કી કરવો
- 3.2 અવતરણોનું મહત્વ,પ્રસ્તાવના અને ઉપસંહારનું લેખન,વિષયને અનુરૂપ ગદ્યની પસંદગી
- 3.3 વાદાત્મક ગદ્ય,ભાવાત્મક ગદ્ય
- 3.4 વિવરણાત્મક ગદ્ય,વર્ણનાત્મક ગદ્ય

# 3.1 વિષયને અનુરૂપ મુદ્દા નક્કી કરવા,મુદ્દાનો ક્રમ નક્કી કરવો



- ✓જે વિષય પર નિબંધ લખવા માંગતા હોય તેના પર ઊંડાણથી વિચાર કરો,પોતાને સૌથી વધૂ અનુકૂળ જણાય તે વિષય પસંદ કરો.
- ✓તમે જે નિબંધ લખવા માંગો છો તેમાં કઈ વિગતો આવી શકે,તે વિચારો અને નોંધો.તેને લગતા મુદ્દા તારવો.આ મુદ્દાની કાચી યાદી બનાવો.ત્યાર બાદ મુદ્દાની ક્રમિકતા નક્કી કરો.ક્યો મુદ્દો પહેલા લેવાથી તમારો નિબંધ વધુ ચુસ્ત બનશે અને લખાણ વધુ પ્રવાહી લાગશે.
- ✓બધા મુદ્દાઓનો વિસ્તાર સ્પષ્ટ,ક્રમબદ્ધ અને અસરકારક રીતે કરવો.
- ✓નિબંધમાં વિચારોની એકસૂત્રતા જળવાવી જોઈએ.
- ✓નિબંધમાં વિષયાંતર થવું ન જોઈએ.

# 3.1 વિષયને અનુરૂપ મુદ્દા નક્કી કરવા,મુદ્દાનો ક્રમ નક્કી કરવો



- ✓ એકનાં એક શબ્દો અને વાક્યો ફરી ફરીને અથવા ફેરવી ફેરવીને ન લખાવાં જોઈએ.
- ✓ સુંદર અને સુવાચ્ય હસ્તાક્ષર,જોડણીશુદ્ધિ અને ભાષાશુદ્ધિ વગેરેની ખૂબ કાળજી રાખવી જોઈએ.
- ✓ નિબંધમાં વાક્યો ટૂંકા સાદાં અને અર્થગંભીર હોવાં જોઈએ.
- ✓ લખ્યા પછી એક વાર ધ્યાનપૂર્વક નિબંધ વાંચી જવો જોઈએ.કોઈ ભૂલ રહી ગઈ હોય તો સુધારી લેવી જોઈએ.
- ✓ જો તમે પ્રકૃતિવર્ણનનો વિષય પસંદ કર્યો હોય તો તેમાં પ્રકૃતિનું દૃશ્ય નજર સામે ઊભું થઈ જાય તેવું,સૂક્ષ્મ વિગતો સાથે વર્ણન કરવું જોઈએ.પ્રકૃતિના રોમ્ય-રૌદ્ર રૂપની વાત કરતી વખતે તેને માનવસ્વભાવની સંકુલતા સાથે પણ સાંકળી શકાય.પ્રકૃતિ મન-હ્રદયમા સ્પર્શતી હોય છે.તેથી તેમાં પ્રયોજાયેલાં ભાવવાચક,ઉદ્-ગારવાચક વાક્યો પણ નિબંધને વધુ હ્રદયસ્પર્શી બનાવી શકે.

# 3.1 વિષયને અનુરૂપ મુદ્દા નક્કી કરવા,મુદ્દાનો ક્રમ નક્કી કરવો



- જો તમે માહિતી પ્રદાન નિબંધ લખવા માગતા હો તો તમારી પાસે મુદ્દાઓને અનુરૂપ માહિતી હોવી જોઈએ. જરૂરી વ્યાખ્યાઓ તેના લાભ કારણો ઉપાયો વગેરે જેવી વિગતો સમાવી લેવી જોઈએ.
- ઘટનાપ્રધાન નિબંધ લખવા માગતા હો તો એ ઘટનાનું શું મહત્વ છે?, વ્યક્તિગત અથવા સામાજિક સંદર્ભે ઘટના કેવી રીતે વિશિષ્ટ છે ?તેના વિશે લખવું જોઈએ.તમે જે ઘટના લખો તે ઘટના વાંચનારના મનમાં ઊભી થાય તેવો નિબંધ લખવો જોઈએ.
- જો તમે ચિંતનાત્મક નિબંધ લખવા માગતા હો તો ઉદાહરણ સાથે તમારા વિચારો, ચિંતનને ક્રમબદ્ધ રીતે લખો ચિંતનાત્મક નિબંધોમાં સ્વૈરવિહારને કોઈ અવકાશ નથી.
- જો તમારે આત્મકથનાત્મક નિબંધ લખો તો સૌથી પહેલા એ વિચારો કે વાચકને તમારી વાત સાંભળવામાં કેવી રીતે રસ પડશે ? આ પ્રકારના નિબંધમાં બોલચાલ, લખાણ નિબંધને આકર્ષક બનાવી શકે. જે પોતાના જીવનના અંતિમ તબક્કામાં હોય તે પોતાના જીવનના સારરૂપ કોઈ સંદેશ આપે તેથી કોઈપણ આત્મકથામાં જીવનનો સંદેશ સમાવી લેવો જોઈએ.
- આમ નિબંધોની યોગ્ય ભાષા રૂઢિપ્રયોગ કહેવાતા લંકા આદિના ઉપયોગથી ઉપસ્થિતિ આકર્ષક શૈલી તાર્કિકતા પ્રવાહિતા વગેરે વધુ આસ્વાદ્ય બનાવી શકે.

# 3.1 વિષયને અનુરૂપ મુદ્દા નક્કી કરવા,મુદ્દાનો ક્રમ નક્કી કરવો



<u>નિબંધનું માળખું</u>

નિબંધ લખાણને ત્રણ ભાગમાં વહેંચી શકાય [૧] આરંભ, [૨]વિષયવસ્તુ, [3]સમાપન

[૧] આરંભ : વિષયનો પ્રવેશ કરાવનાર હોવો જોઈએ તે માટે યોગ્ય કાવ્ય પદ કાવ્ય પંક્તિ સુભાષિત કે પ્રસંગ નો ઉપયોગ કરવો જોઈએ.

**[૨]વિષયવસ્તુ :**નિબંધનો આ ભાગ મહત્વનો છે તેમાં મહત્વના મુદ્દાઓ સ્પષ્ટ રીતે તર્કબદ્ધ રીતે મુકાયેલા હોવા જોઈએ.

**[3]સમાપન :** આખા નિબંધના અંતે નિબંધનો સારો ફકરો આવવો જોઈએ. સમાપનમાં નિબંધના નિચોડરૂપે વિચારો લખવા જોઈએ કોઈ કાવ્યપંક્તિ કે અવતરણ દ્વારા સમાપનને વધુ આકર્ષક અને સચોટ બનાવી શકાય .

# 3.2 અવતરણોનું મહત્વ, પ્રસ્તાવના અને ઉપસંહારનું લેખન, વિષયને અનુરૂપ ગદ્ય



## અવતરણોનું મહત્વ:

- વાચકનું ધ્યાન ખેંચે છે.
- લેખકની વાતને સમર્થન મળે છે.
- વાચનમાં રસ ઊભો કરે છે, વાચન રસને જાળવી રાખે છે.
- લેખકના વિચારોની સમજ અને સ્પષ્ટીકરણને વધારે છે.
- લેખકના વિશાળ વાચન અને વિદ્વાત્તાની ખાતરી આપે છે.

# 3.2 અવતરણોનું મહત્વ, પ્રસ્તાવના અને ઉપસંહારનું લેખન, વિષયને અનુરૂપ ગદ્ય



## પ્રસ્તાવનાનું લેખન:

- ધ્યાનાકર્ષક હોવી જોઈએ.
- પંક્તિ, અવતરણ કે પ્રસંગથી કરી શકાય.
- નિબંધની ભૂમિકા બંધાવી જોઈએ.
- સમગ્ર નિબંધ વાચવા માટે પ્રેરિત કરે તેવી હોવી જોઈએ.
- રસપ્રદ બનવી જોઈએ.
- એક ફકરામાં પૂરી કરવી જોઈએ.
- વાચકમાં નિબંધ વિશેની વિચારણાની શરૂઆત કરનારી હોવી જોઈએ.

# 3.2 અવતરણોનું મહત્વ, પ્રસ્તાવના અને ઉપસંહારનું લેખન, વિષયને અનુરૂપ ગદ્ય



## ઉપસંહારનું લેખન:

- નિંબંધનો નીચોડ હોવો જોઈએ.
- અંતે ચોટદાર પંક્તિ, અવતરણ કે પ્રસંગથી લખી શકાય.
- નિબંધની સારરૂપ બાબતો કે સારાંશ આવવો જોઈએ.
- લેખકનું મંતવ્ય કે વિચાર સ્પષ્ટ કરનારો હોવો જોઈએ.
- વાચકના માનસ પર છાપ છોડી જનારો હોવો જોઈએ
- એક ફકરામાં પૂરો કરવો જોઈએ.
- વાચક કોઈ તારણ પર આવી શકે તેવો હોવો જોઈએ.

# 3.3 વાદાત્મક ગદ્ય



- -તાર્કિક અને દલીલ આધારિત રજૂ થાય છે
- - વાચકને સંમત કે અસંમત કરવા માટેની તાર્કિક દલીલો રજૂ થાય છે.
- - દલીલોને સ્પષ્ટ કરવા માટે ઉદાહરણો પણ રજૂ થાય છે.
- - દલીલોની શ્રેણી રજૂ થાય છે.
- - દલીલો કે તર્કો હકારાત્મક કે નકારાત્મક હોઈ શકે છે.
- - જરૂર પડ્યે પ્રશ્નો મૂકવામાં આવે છે
- - લેખક દલીલોને આધારે પોતાનો વિચાર કે મત સિદ્ધ કરે છે.
- - તેમાં નીચે મુજબના શબ્દો વધારે પ્રયોજાય છે.
- તેમાં શંકાને સ્થાન નથી, તે સત્ય સૌ જાણે છે, મારે કહેવાની જરૂર નથી, તમે પણ સ્વીકારશો જ, દિવા જેવું સત્ય છે, એટલા માટે જ,એક ને એક બે જેવી વાત છે.,એ તો સર્વવિદિત છે.,વગેરે ભાષા પ્રયોગો આ ગદ્યમાં મુકાય છે.

# 3.3 વાદાત્મક ગદ્ય



- ‘એને સમજાતું નહોતું કે શું કરવું ?સત્યાગ્રહીએ આવે વખતે ઉપવાસ કરવા જોઈએ,માતાપિતાને સમજાવવા જોઈએ,પેલું શું? હા-હ્રદય પરિવર્તન કરાવવું જોઈએ…પણ ગાંધીજી ક્યાં એના બાપને ઓળખતા હતા એમને ક્યાં ખબર હતી કે વેણીભાઈ વીફરે એટલે પછી કોઈના નહિ?લાખ સમજાવો તોય બધું પથ્થર પર પાણી જ.’
- ‘…..પ્રશ્ન થયો: મેં એક મોટી મૂર્ખાઈ તો નથી કરી ને?! માત્ર એક જાહેરખબર વાંચીને,પત્રવ્યવહાર કરીને,પત્નીની પસંદગી કરવા હું છેક દક્ષિણમાં દોડી આવ્યો છું! થોડા વેરાન,થોડા શહેરિયા, પણ વધારે પડતા ગામઠી દેખાતા આ સ્થાનમાં વસતી યુવતી કેવી હશે? આદર્શની ઘેલછામાં,લાગણીઓના ઉભરામાં કંઈ ઉતાવળિયું પગલું તો નથી ભરાઈ ગયું ને મારાથી?’

# 3.3 ભાવાત્મક ગદ્ય



- - હૃદયના ભાવથી લખાય છે.
- - તેમાં અંગત ભાવો અને લાગણીઓ મક્કમતાથી રજૂ થાય છે.
- - કર્મણી વાક્યરચનાઓનો ઉપયોગ થાય છે.
- - ઉદ્ગાર કે લાગણીઓને વ્યકત કરતા શબ્દપ્રયોગો વધારે હોય છે.
- - લેખક જે સુખ, દુઃખ, આનંદ, શોક, હતાશા કે નિરાશાના ભાવો અનુભવે છે તેનું તેમાં નિરૂપણ હોય છે.
- - લેખક પોતાની મનોસ્થિતિનું નિરૂપણ કરે છે.
- - બોલચાલની ભાષા વધુ વપરાય છે.
- - ભાવને વ્યક્ત કરતી વિવિધ વાક્ય રચનાઓ વપરાય છે.
- - વિશેષણ વધારે વપરાય છે.

# 3.3 ભાવાત્મક ગદ્ય



## ભાવાત્મક ગદ્ય-

- ‘એનું મોં,એનું રૂપ,એના હાવભાવ,એના બોલ,એની ચાલ,એની આગવી રીતો...એ...માત્ર...એ...કેવી મુક્ત! કેવી સાદી! કેવી સીધી! કેવી નિખાલસ! ક્યાંય ખોટી શરમ નહિ,કશી છેતરામણી,ચાલાકી નહિ.ઉઘાડી ચોપડી જોઈ લો;વાંચી લો,સમજી લો.’
- ‘...કેવી નિર્મલ,નિર્દોષ ને નિખાલસ! શું તું તારા પૂર્વગ્રહમાંથી મુક્ત નહિ બની શકે? પણ એની મા...મા કોની સાથે? કેવોય સંબંધ!.....હું મૂંગો બની ગયો.’

# 3.4 વિવરણાત્મક ગદ્ય-



- જે તે વિષયવસ્તુના સ્પષ્ટીકરણ માટે ઉદાહરણો પણ પ્રયોજવામાં આવે છે.
- ક્યારેક વર્ગીકરણ કે પૃથક્કરણ પણ કરવામાં આવે છે.
- આવા કારણોસર એટલે કે,બીજી રીતે કહીએ તો, સારાંશ એટલો કે,આમ જોતાં,મતલબ કે,ટૂંકમાં જેવા પદો આ ગદ્યમાં વાપરવામાં આવે છે.
- કેટલાક વર્ણનાત્મક ગદ્યમાં લખાયેલા લખાણને જરા જુદી રીતે વિવરણાત્મક ગદ્યમાં રૂપાંતર કરી શકાય,પણ બધાં જ વર્ણનાત્મક ગદ્યનું રૂપાંતર વિવરણાત્મક ગદ્યમાં ન પણ કરી શકાય.

# 3.4 વિવરણાત્મક ગદ્ય-



વિવરણાત્મક ગદ્ય-


'પરમેશ્વરને આ જગત સર્જવા માટે બહાર કંઈ પણ શોધવા જવું પડતું નથી.કડિયા-સુથારને ઘર બાંધવા માટે પથ્થર,માટી કે લાકડાં લેવા જવું પડે છે;કારણ કે એવા કામ માટે પરમેશ્વરે જે સાધનો કરી મૂક્યા છે તેનો માત્ર ઉપયોગ એ કરી શકે છે.તેઓની શક્તિ પરમેશ્વર જેવી અનંત-અમાપ નથી કે એમને બહારનાં સાધનોની જરૂર ન પડે,પણ પરમેશ્વર તો અમાપ શક્તિવાળા હોવાથી સઘળું પોતાનામાંથી જ ઉત્પન્ન કરી શકે છે.'

# 3.4 વર્ણનાત્મક ગદ્ય



- પરિચ્છેદમાં એક જ કાળને કે અવસ્થાને રજુ કરતાં વાક્યો વપરાયાં હોય છે.
- આખા પરિચ્છદમાં એક જ સ્તરના અથવા સામાન્ય રીતે એક કક્ષાના-શિષ્ટશૈલી કે બોલચાલની શૈલીના શબ્દો,સમાસ,રૂઢિપ્રયોગો વગેરે વપરાયા હોય છે.
- વર્ણનમાં સચોટતા લાવવા અલંકારો વપરાયા હોય છે.
- વર્ણનમાં વિગતોનો ક્રમ હોય છે.ક્યારેક મહત્વની વિગતોથી શરૂ કરી વધુ મહત્વની વિગતો તરફનો ક્રમ જાળવી રખાયો હોય છે.

# 3.4 વર્ણનાત્મક ગદ્ય



'સાવ નાનું ઘર હતું-પાટીદાર મહોલ્લાને છેડે-છેવાડે.આંગણામાં ભેંસ હતી,સામો કાથીનો ખાટલો હતો,એના પર બેઠી હીરા રાવજીને રમાડતી હતી. મણિભાઈને જોઈને સફાળી ઊભી થઈને સામી દોડી.મણિભાઈ સ્તબ્ધ થઈને એનું રૂપ જોઈ રહ્યો.ખાદીની જાડી,દોઢવેલી સાડી અને દાગીના વગરનો દેહ.....'

'નદીના કાઠાં ઉપર,એક શાંત ,એકાંત સ્થળ પસંદ કરી અમે ત્રણે ત્યાં બેઠાં.ભાથામાં આણેલી ગરમ વાનગીઓ ઠંડી પડી ગઈ હતી અને ઠંડી વાનગીઓ ગરમ બની ગઈ હતી અને કેટલીક વાનગીઓનું સ્વરૂપ એવું તો પલટાઈ ગયું હતું કે તે કઈ ચીજ છે તે પારખવું યોગબળથી જ કદાચ શક્ય બને!'